# <u>ગુજરાત જાહેર સેવા આયોગ</u>

રાજ્યમાં વહીવટમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર યોગ્ય ઉમેદવારોની નિષ્પક્ષ અને સ્વતંત્ર રીતે પસંદગીએ ગુજરાત જાહેર સેવા **<u>આયોગની રચનાનો હેતુ છે.</u>** ભારતીય બંધારણની કલમ-૩૨૦ હેઠળ સોંપાયેલ બંધારણીય કાર્યો પૈકી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને જે તે વિભાગને પાત્ર ઉમેદવારોની ફાળવણી એ સૌથી અગત્યનું કાર્ય ગણી શકાય.

આયોગ દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મુખ્ય સંવર્ગો આ મુજબ છે.

(૧) ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨

(૨) ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨

(૩) મેડીકલ ઓફિસર્સ, મેડીકલ ટીચર્સ, મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર્સ, ઇન્સ્યોરન્સ મેડીકલ ઓફિસર્સ

(૪) પોલિસ ઇન્સપેક્ટર વર્ગ-૨

(૫) નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર

આ ઉપરાંત વિધાનસભા સચિવાલય, માહિતી ખાતુ, ભાષા નિયામક, કાયદા વિભાગ, આર.ટી.ઓ, એકાઉન્ટસ ઓફિસર, ટેક્ષ ઇન્સ્પેકટર જેવી સંખ્યાબંધ કેડરની ભરતી આયોગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

ઉમેદવારો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આયોજન સાથે અને ચોક્સાઇપૂર્વક કરી શકે તે હેતુથી ગુજરાત જાહેર સેવા **<u>આયોગ દ્વારા દર વર્ષે જાહેરાત અને પરીક્ષા માટેની સુચિત તારીખો, રૂબરૂ મુલાકાતનો સુચિત માસ દર્શાવતો સમયબધ્ધ</u>**

**વાર્ષિક કાર્યક્રમ દર વર્ષે તૈયાર કરી વર્તમાન પત્રોમાં અને ગુજરાત જાહેર સેવા આયોગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવે છે.** ચાલુ વર્ષે પણ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા.૩૧/૦૧/૨૦૨૪ ના રોજ વર્ષ ૨૦૨૪ નો વાર્ષિક કાર્યક્રમ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ વાર્ષિક કાર્યક્રમ મુજબ આયોગ દ્વારા કુલ ૧૬૨૫ જગ્યાઓ ભરવા માટે ૮૨ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવશે.

- વધુમાં આગામી ટુંક સમયમાં (લગભગ માર્ચ-૨૦૨૪ સુધીમાં) કલાસ ૧ – ૨ ની એટલે કે ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨, ગાંધીનગર મહાનગરપાલિકાના કાર્યપાલક ઇજનેર અને મદદનીશ ઇજનેર,વર્ગ-૨,૩ તથા ગુજરાત જળ સંસાધન વિકાસ નીગમ લીમીટેડ હસ્તકના મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ-૨ સહિતની આશરે **કુલ-૩૩** જાહેરાતો માટે પ્રાથમિક કસોટીઓ જયારે ૦૧ જાહેરાત માટે મુખ્ય લેખિત કસોટી યોજવાની કાર્યવાહી ચાલુ છે.

- સન ૨૦૨૨ માં ૦૭ સંવર્ગની કુલ ૧૦૨ જગ્યાઓ ભરવા માટે જા.ક્ર.૨૦/૨૦૨૨-૨૩ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેની ભરતી પ્રક્રિયા હાલ ગુજરાત જાહેર સેવા આયોગ ખાતે ચાલુ છે અને ૧૯ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન મુખ્ય પરીક્ષાનું આયોજન કરેલ છે.

- સન ૨૦૨૩ માં ૧૪ સંવર્ગની કુલ ૨૯૩ જગ્યાઓ ભરવા માટે જા.ક્ર.૪૭/૨૦૨૩-૨૪ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેની ભરતી પ્રક્રિયા હાલ ગુજરાત જાહેર સેવા આયોગ ખાતે ચાલુ છે અને ૭ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ પ્રાથમિક પરિક્ષા પૂર્ણ થયેલ છે.

## ઉચ્ચક નાણાકીય સહાય યોજના:

આ યોજનાનો મૂળ હેતુ ચાલુ નોકરી દરમિયાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ કર્મચારીના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવી નાણાકીય ભીંસમાં રાહત આપવાનો અને આવી પડેલ આકસ્મિક કટોકટીને પહોંચી વળવા કુટુંબને મદદ કરવાનો છે.

આ યોજના હેઠળ નિયમિત ધોરણે નિમણૂક પામેલા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિતને રૂ.૮.૦૦ લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવામાં આવતી હતી. જેમાં તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવથી આ રકમ રૂ.૮ લાખથી વધારીને રૂ.૧૪ લાખની કરવામાં આવી છે.

તદ્દુપરાંત, આ યોજના અંતર્ગત તા.૨૦/૦૭/૨૦૧૭ના ઠરાવ મુજબ ફિક્સ પગારના કરારીય સમયગાળા દરમ્યાન તથા નિયમિત નિમણૂક નિમણૂક્ના એક વર્ષ સુધી અવસાનના કિસ્સામાં રૂ.૪ લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવામાં આવતી હતી જેમાં તા.૨૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી આ રકમ કરારીય સમયગાળા દરમ્યાન અવસાનના કિસ્સામાં રૂ.૪ લાખથી વધારીને રૂ.૦૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ઉપરાંત તા.૧૨/૧૦/૨૦૨૩ના ઠરાવથી આ રકમ કરારીય સમયગાળા દરમ્યાન અવસાનના કિસ્સામાં રૂ.૦૭ લાખથી વધારીને રૂ.૧૪ લાખ કરવામાં આવી છે.

## સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતોને પેન્શન

રાજ્ય સરકાર દ્વારા દેશની આઝાદીની ચળવળમાં રાજ્યના જે સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભાગ લીધેલ હોય તેમને રૂ.૧૦,૦૦૦/- તથા તેમના આશ્રિતોને રૂ.૭,૦૦૦/- પેન્શન ચૂકવવામાં આવે છે. હાલ રાજ્યના ૧૪૪ પેન્શનરો/ તેમના આશ્રિતોને આ યોજનાનો લાભ મળે છે.

કેન્દ્ર સરકારની સ્વાતંત્ર્ય સૈનિક સન્માન સ્કીમ-૧૯૮૦ હેઠળ પેન્શન મેળવતા રાજ્યના કુલ-૩૭ સ્વાતંત્ર્ય સેનાનીઓને રાજ્ય સરકાર તરફથી સન્માનના પ્રતિક રુપે રૂ.૨૦૦/- પ્રતિક પેન્શન ચૂકવવામાં આવે છે.

રાજ્યમાં નવનિર્માણ આંદોલનમાં સહન કરનાર રાજ્યની ૮ વ્યક્તિઓને પણ રાજ્ય સરકાર તરફથી સ્વવિવેકનિધીમાંથી રૂ.૧,૦૦૦/- માસિક પેન્શન ચૂકવવામાં આવે છે.

**<u>સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા),અમદાવાદ:</u>**

રાજ્ય સરકારનાં કર્મચારીઓ/અધિકારીઓનાં જ્ઞાનમાં ઇચ્છિત વધારો કરવા તેમજ તેઓની શક્તિઓ ઈચ્છિત દિશામાં ખીલવવા અને સુધારવા માટે સતત અને સમયબધ્ધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

યુપીએસસી દ્વારા લેવામાં આવતી IAS/IPS/IFS વગેરે માટે ગુજરાત રાજ્યના પ્રતિભાશાળી યુવકો/યુવતીઓને ઉચ્ચકક્ષાની તાલીમ મળી રહે તે હેતુસર, આ સંસ્થા ખાતે ગુજરાત સરકાર દ્વારા ૧૯૯૨ થી કેન્દ્રિય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી વહીવટી સેવા અને તેની સંલગ્ન **<u>પરીક્ષા માટેના તાલીમ વર્ગ અંગેની યોજના</u>** શરૂ કરેલ છે.

સ્પીપા અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો તેમજ ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ ખાતે કુલ ૬૩૫ ઉમેદવારોને પ્રવેશ પરીક્ષાનાં માધ્યમથી મેરીટવાઈઝ અને રાજ્ય સરકારના પ્રવર્તમાન અનામત નીતિ મુજબ કેટેગરીવાઈઝ ભરીને પ્રિલિમ પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને પર્સનાલીટી ટેસ્ટની સઘન તાલીમ આપવામાં આવે છે.

- આ તાલીમમાં તજજ્ઞો અને નિષ્ણાંતોના વ્યાખ્યાન આપવામાં આવે છે અને સમયાંતરે તાલીમાર્થીઓની મોક ટેસ્ટ લેવામાં આવે છે.
- પર્સનાલીટી ટેસ્ટના તાલીમવર્ગમાં વન ટુ વન ઈન્ટરવ્યુ, મોક ઈન્ટરવ્યુ અને ગ્રુપ ડિસ્કશન દ્વારા સઘન તાલીમ આપવામાં આવે છે.
- તાલીમાર્થીઓને લાયબ્રેરી, રીડીંગરૂમ, ફ્રી વાઇ-ફાઇ, હોસ્ટેલ જેવી સવલતો આપવામાં આવે છે.
- તાલીમાર્થીઓને યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝના તાલીમના વિવિધ તબકકે નીચેની વિગતે પ્રોત્સાહન સહાય પણ આપવામાં આવે છે.

➢ તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવ્યેથી વધુમાં વધુ સાત મહિના માટે પ્રતિમાસ રૂ.૨,000/- પ્રોત્સાહન.

- સ્પીપાના તાલીમાર્થી/ સ્વપ્રયત્ને તૈયારી કરીને યુપીએસસીની પ્રિલિમ પરીક્ષા પાસ કરનાર યુવકને રૂ.૨૫,૦૦૦/- અને યુવતીને રૂ.૩૦,૦૦૦/- પ્રોત્સાહન
- સ્પીપાના તાલીમાર્થી/ સ્વપ્રયત્ને તૈયારી કરીને યુપીએસસીની મુખ્ય પરીક્ષા પાસ કરનાર યુવકને રૂ.૨૫,૦૦૦/- અને યુવતીને રૂ.૩૦,૦૦૦/- પ્રોત્સાહન
- સ્પીપાના તાલીમાર્થી/ સ્વપ્રયત્ને તૈયારી કરીને યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં આખરી પસંદગી પામેલ હોય અને ગુજરાતના ડોમિસાઇલ હોય તેવા યુવક ઉમેદવારને રૂ!.૫૧,૦૦૦/- (અંકે રૂપિયા એકાવન હજાર પુરા) અને યુવતી ઉમેદવારને રૂ!.૬૧,૦૦૦/- (અંકે રૂપિયા એકસઠ હજાર પુરા) ની પ્રોત્સાહન
- ગુજરાતના ડોમિસાઇલ ન હોય પરંતુ હાલ ગુજરાત રાજ્યમાં વર્તમાનમાં સ્થાયી થયેલ હોય અથવા અભ્યાસ કે નોકરી કરતા હોય અને સ્પીપામાં ઇન્ટરવ્યુ તાલીમવર્ગમાં જોડાયેલ હોય તેવા યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ પરીક્ષામાંઆખરી પસંદગી પામનાર યુવક ઉમેદવારને રૂ!.૨૧,૦૦૦/- (અંકે રૂપિયા એકવીસ હજાર પુરા) અનેયુવતી ઉમેદવારને રૂ!.૩૧,૦૦૦/- (અંકે રૂપિયા એકત્રીસ હજાર પુરા) પ્રોત્સાહન
- વર્ષ ૧૯૯૨ થી એપ્રિલ ૨૦૨૩ સુધી સંસ્થામાંથી કુલ ૨૬૦ ઉમેદવારો અખિલ ભારતીય મુલ્કી સેવામાં પસંદગી પામેલ છે.